RNI No.: GUJGUJ/2014/59295
E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 14 * Date: 01.11.2024,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સતત ૧૧માં વર્ષે મોદીએ જવાનો સાથે દિવાળી મનાવી





છેલ્લાં દસ વર્ષથીૈં સ્મોદી દિવાળીની ઉજવણી દેશના જવાનો સાથે કરતા આવ્યા છે. આજે દિવાળીનું પર્વ છે ત્યારે સતત ૧૧મા વર્ષે દિવાળી ઉજવવા કચ્છ પહોંચ્યા હતા. ૈંસ્મોદીએ પાકિસ્તાનને અડીને આવેલા કચ્છની સરહદે ફરજ બજાવતા મ્જીહ્લના જવાનોનાં મોં મીઠાં કરાવી શુભેચ્છા પાઠવી હતી. મ્જીહ્લ જવાનો સાથે દીપાવલી પર્વની ઉજવણી કર્યા બાદ જવાનોને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે, મ્જીહ્લ સાથે દીપાવલીની ઉજવણી એ મારું સૌભાગ્ય છે. જવાનો સાથે દીપાવલી પર્વની ઉજવણી સમયે વડાપ્રધાને કહ્યું હુતં કે, હું તમારી સાથે દિવાળીનું પર્વ તમારી વચ્ચે મનાવું છું તો મારી દીપાવલીની મીઠાશ અનેકગણી વધી જાય છે. આ વખતે આ દીપાવલી બહુ ખાસ છે. અયોધ્યામાં પ્રભુ રામ ૫૦૦ વર્ષ પછી ફરી પોતાના ભવ્ય મંદિરમાં બિરાજમાન થયા છે. હું તમને બધાને અને મા ભારતીની સેવામાં તૈનાત દેશના દરેક જવાનનો દીપાવલીની હાર્દિક શુભકામના આપું છું.પ્રધાનમંત્રીએ સંબોધનમાં વધુ જણાવ્યું હતું કે, મને ગર્વ છે કે, આપણા જવાનોએ મુશ્કેલ સમયે પોતાના સામર્થ્યને સિદ્ધ કર્યું છે. આ ગુજરાતનો દરિયાકાંઠે દેશની બહુ મોટી તાકાત છે. એટલા માટે અહીંની દરિયાઈ સરહદ ભારત વિરોધી ષડયંત્રોનો સૌથી વધુ સામનો કરે છે. સરકક્રિક પર દુશ્મનની નાપાક નજર ક્યારની મંડરાયેલી છે. પણ દેશ નિશ્ચિત છે. કારણ કે સુરક્ષામાં તમે તૈનાત છો. દુશ્મનને પણ ખબર છે કે, ૧૯૭૧ના યુદ્ધમાં કઈ રીતે તમે જવાબ આપ્યો હતો. એટલા માટે જ આપણી નેવીની હાજરીમાં સરક્રિક અને કચ્છ તરફ કોઈ આંખ ઉઠાવવાની પણ હિંમત નથી કરતું.આજે દેશમાં એક એવી સરકાર છે જે દેશની સીમાની એક ઈંચ જમીનથી પણ સમજોતો ન કરી શકે. આ વિસ્તારમાં હું પહેલીવાર નથી આવ્યો . આ વિસ્તારમાં અનેકવાર આવ્યો છે. બહુ આગળ સુધી જઈને આવ્યો છું. આજે અમને જ્યારે જવાબદારી મળી છે તો અમારી નીતિ સેનાના સંકલ્પોના હિસાબે બને છે. અમે દુશ્મનની વાતો પર નહી અમારી સેનાના સંકલ્પ પર ભરોસો કરીએ છીએ.જવાનોને સંબોધતા વધુમાં જણાવ્યું કે, ૨૧મી સદીની જરુરિયાતને જોતા આજે આપણે સુરક્ષાદળોને આધુનિક સાધનોથી સજ્જ કરી રહ્યા છીએ. સેનાને વિશ્વની સૌથી આધુનિક ફોર્સની કતારમાં ઉભી રાખી રહ્યા છે. પહેલા ભારતની ઓળખ હથિયાર મંગાવનારા દેશ તરીકેની હતી. આજે દુનિયાના અનેક દેશને ભારત ડીફેન્સ ઉપકરણ એક્સપોર્ટ કરી રહ્યો છે. પાછલા દસ વર્ષમાં અમારું રક્ષા નિર્યાત ૩૦ ગણુ વધી ગયું છે. સરકારના આ વિઝનને સફળ બનાવવામાં આપણી સેનાની બહુ મોટી ભૂમિકા છે. હું દેશની સેનાને શુભેચ્છા આપીશ કે તેઓએ ૫ હજારથી વધુ સૈન્ય ઉપકરણોનું લીસ્ટ બનાવ્યું છે જે હવે વિદેશથી નહીં ખરીદે. જેનાથી સૈન્ય ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારત અભિયાનને નવી ગતિ પણ મળી છે.

## મોરબીમાં બાળકોને ફટાકડાં લઈ દેવા બાબતમાં ઝગડો થતા પતિએ તેના હાથે પત્નીની હત્યા કરી

મોરબી,

મોરબીના તળાવીયા શનાળા ગામેરહીને મજુરી કરતા પરપ્રાંતીય શ્રમિક દંપતી વચ્ચે બાળકોને ફટાકડા લઈ દેવા બાબતે ઝઘડો થયોં હતો. જેમાં પત્નીએ પતિને માર મારતા પતિએ લાકડાના ધોકા વડે માથાના ભાગે ઘા મારતા પત્નીનું ગંભીર ઈજા પહોંચતા મોત થયું હતું. હત્યાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ એમપીના વતની અને હાલ ગાળા ગામની સીમમાં વાડીએ રહીને મજુરી કરતા દીપકભાઈ બગ્ગાભાઈ ડામોર નામના યુવાને આરોપી નરબેસિંગ ભગ્ગાસિંગ મેડા જના સુમારે મામાની દીકરી ભુરીબેનના દીકરી શકુંતલાનો ફોન આવ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે તેના માતા પિતાને ઝઘડો થતા પપ્પાએ મમ્મીને માથાના ભાગે લાકડાનો ધોકો મારી દીધો છે અને મમ્મીને માથામાંથી લોહી નીકળે છે.

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

રાજ્ય સરકાર દ્વારા ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા'' (દ્ગ.હ્લ.જી.છ.) હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોની ૩.૬૮ કરોડ જનસંખ્યાને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ચાલુ માસ ઓક્ટોબરમાં દિવાળીના તહેવારો દરમ્યાન ઘઉં અને ચોખાનું વિનામૂલ્યે વિતરણ રાજ્યની ૧૭૦૦૦ થી વધુ વાજબી ભાવની દુકાનો ખાતે થઈ રહ્યું છે. રાજ્યના ૮ લાખ જેટલા અંત્યોદય અન્ન યોજનાના (છ.છ.રૂ.) કુટુંબોને પ્રતિ કાર્ડ ૧૫ કિલો ઘઉં અને ૨૦ કિલો ચોખા મળી કુલ ૩૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. રાજ્યના ૬૬ લાખ જેટલા ''અગ્રતા ધરાવતા કુટુંબો'' ની (ૈંૈંઅિ ૐૈંજી ૐસ્ર્ંઙ્ઘ – .ૐ.ૐ.) ૩.૩૨ કરોડ જનસંખ્યાને પ્રતિ વ્યક્તિ ૨ કિલો ઘઉં અને ૩ કિલો ચોખા મળી પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિલો અનાજનું વિતરણ કરવામાં આવે છે. આમ, ૈં.ૐ.ૐ. કુટુંબમાં પાંચ વ્યક્તિઓ હોય તો ૧૦ કિલો ઘઉં અને ૧૫ કિલો ચોખા મળી કુલ ૨૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને દિવાળીના તહેવાર નિમિત્તે દ્ગ.હ્લ.જી.છ. હેઠળ સમાવિષ્ટ તમામ ૭૪ લાખ કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્યતેલ (સીંગતેલ) બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે કાર્ડદીઠ ૧ લિટર પાઉચ રૂ.૧૦૦ પ્રતિ લિટરના રાહત દરે વિતરણ કરવામાં આવે છે. રાજ્યના બીપીએલ અને અંત્યોદય કુટુંબો મળી કુલ ૩૨ લાખ જેટલા કુટુંબો મળવાપાત્ર ખાંડના જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડનું અંત્યોદય કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ.૧૫ ના રાહતદરે તથા બી.પી.એલ કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૨૨ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહેલ છે. આમ, દિવાળીના તહેવાર દરમ્યાન રાજ્યના ૭૪ લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોને ખાદ્યતેલ (સીંગતેલ) તથા ૩૨ લાખ રેશનકાર્ડધારક કુટુંબોને વધારાની ખાંડનું વિતરણ કરવામાં આવે છે. રાજ્ય સરકારની યોજના હેઠળ, દ્ગ.હ્લ.જી.છ. હેઠળના તમામ ૭૪ લાખ કુટુંબોને ''અન્ન સુરક્ષા''ની સાથેસાથે પોષણયુક્ત પુરી પાડવા માટે પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે ચણા કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૩૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા તુવેરદાળ કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૫૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહેલ છે. વધુમાં, રાજ્યમાં લોકલાગણીને ધ્યાને લઈને પ્રથમવાર તેલવાળી તુવેરદાળનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, જેનો લાભાર્થીઓ તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહેલ છે. રાજ્ય સરકારની યોજના હેઠળ, દ્ગ.હ્લ.જી.છ. હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને ડબલ ફોર્ટીફાઈડ મીઠું કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૧ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહેલ છે.આમ, રાજ્ય સરકાર દ્ગ.હ્લ.જી.છ. હેઠળ સમાવિષ્ટ અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબો મળી તમામ કુટુંબોને અન્ન સલામતી પૂરી પાડવા સાથે પોષણ સલામતી પણ મળી રહે તે માટે ભારત સરકાર તથા રાજ્ય સરકારની યોજનાઓનું સુચારૂ અમલીકરણ કરીને લોકો તહેવારો સારી રીતે રીતે ઉજવી શકે તે માટે સતત કાર્યરત છે.



આજે પણવિરમગામ નાં જોશીપુરા ગામના ડાહ્યાભાઈ પ્રજાપતિ પરિવાર દ્વારા દિવાળીના ત્યોહારમાં મેરૈયા બનાવી બાળકોને મફત વિતરણ કરે છે. આ મેરૈયાં ની અંદર કપાસિયા અને દિવો મૂકી ઘરમાં ફરી હનુમાન મંદીર પાસે મૂકવાથી ઘરમાં રહેલ નકારાત્મક ઉર્જા નો નાશ થાય છે એવી માન્યતા છે






## તંત્રી સ્થાનેથી..

# દિવાળીના તહેવારો દરમિયાન રાજયભરમાં ટ્રાફિક અવેરનેસ માટે નવતર અભિગમ

તા.૩૦મી ઓક્ટોબરથી તા.૬ઠ્ઠી નવેમ્બર દરમિયાન તહેવારોમાં પોલીસ ‘પાવતી બુક’ લઈને નહિ, પરંતુ ફુલ અને ટ્રાફિક અવેરનેસ પેમ્ફલેટ લઈને ઉભેલી જોવા મળશે વાહન ચાલકે જે નિયમ ભંગ કર્યો છે તેનું અવેરનેસ પેમ્ફલેટ આપવામાં આવશે ગુજરાત પોલીસ દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન રાજયભરમાં ટ્રાફિક અવેરનેસ માટે એક નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ તહેવારોમાં અલગ અલગ માર્કેટ પ્લેસ, હાઈવે કે વિવિધ સર્કલ ઉપર ઉભી રહેતી પોલીસ ‘પાવતી બુક’ લઈને નહિ, પરંતુ ફુલ અને ટ્રાફિક અવેરનેસ પેમ્ફલેટ લઈને ઉભેલી જોવા મળશે. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકને પોલીસ દ્વારા ફુલ આપીને તેમણે જે નિયમનો ભંગ કરવાની ભુલ કરી છે તેનાથી તેમને તથા તેમના પરિવારને શુ નુકશાન થઈ શકે છે અને માનવજીવનનુ મુલ્ય વાહનચાલકના પોતાના પરિવાર માટે કેટલુ વિશેષ છે તેની સમજ આપવામાં આવશે. દિવાળીના તહેવારો દરમિયાન રાજયમાં વાહનોની અવર-જવર વધુ પ્રમાણમાં રહેશે. જેથી, રાજયભરમાં માર્ગ સલામતિ અંતર્ગત ટ્રાફિકના નિયમોની અમલવારી કરાવવા માટે તેમજ વાહન ચાલકોમાં જાગૃતિ લાવવા ઉપરાંત માર્ગ અકસ્માતોના બનાવો ન બને અને વાહન ચાલક તેમજ તેમના પરિવારની સલામતિ જળવાય તે માટે ટ્રાફિક અવેરનેસનો આ નવતર અભિગમ અપનાવ્યો છે. આજે તા.૩૦મી ઓક્ટોબર થી તા.૦૬ઠ્ઠી નવેમ્બર ૨૦૨૪ દરમિયાન હેલ્મેટ, સીટ બેલ્ટ, ઓવર સ્પીડ, રોંગ સાઈટ ડ્રાઈવીંગ તેમજ લેન ભંગ સહિતના ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકને તેમણે જે નિયમ ભંગ કર્યો છે તે મુજબનું અવેરનેસ પેમ્ફલેટ પોલીસ દ્વારા આપવામાં આવશે. તેની સાથે સાંકેતિકરૂપે વાહન ચાલકને ફુલ આપી ટ્રાફિક નિયમોની સમજ આપવામાં આવશે અને હવેથી ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા સમજાવવામાં આવશે.

# અમેરિકન ડોલરને ખાનગી અને ખુલ્લી ચેલેન્જ !!!

અમે હરગિજ ડરપોક નથી. અમે અફવા કે હકીકતથી ડરતાં નથી અને મરી ગયા રે ની મરણપોક મુક્તા નથી.ડોલરનો જ દાખલો લઈ લો. શ્રીમંત પરિવારના બગડેલા નબીરાની જેમ ડોલર સૌને પરેશાન કરે છે. પરંતું, અમે ડોલરની હલચલ કે ચાલચલગતથી ડરતાં નથી. કયોંકિ ડરના મના હૈ!! ડોલર તળિયા વિનાના લોટાની જેમ ગબડતો જાય છે. તેના મૂલ્યમાં ગોબા પડે છે. અલબત, અમે મિંયા ફૂસ્કી કે તભા ભટ જેવા ડરપોક નથી.એમ અમે બહાદુર બંકા પણ નથી, શું સમજ્યા? ડોલરે પંચોતેરની સપાટી વટાવી એટલે દિલમાં ફાળ પડેલી. માનો કે સારા ઘરની યુવતી ઘર છોડીને પલાયન ન થઇ હોય!!!

આજકાલ કોઇને સ્થગિતતા કે બંધિયારપણું ગમતું નથી. પેટ્રોલે મનચલીની જેમ સો રૂપિયાની મેજીક સપાટીને ટચ કરેલ. અમે તેને ઠપકો સુધ્ધા આપી શકેલા નહીં. પેટ્રોલને પગલે ડીઝલબાઇ તેને પગલે ચાલી. આપણે સાક્ષીભાવ કેળવવા સિવાય શું કરી શકીએ?? સિંગતેલ જેવા સિંગતેલ્ ત્રણ હજારના મેજીક ફિગરને સ્પર્શ કર્યો તેને ઐતિહાસિક કહેવા સિવાય શું કરી શકીએ?? પરોઠા પર ૧૮ % જીએસટી લાગે એટલે પરોઠા ન ખાવાના પારોઠના પગલાં ભરી શકાય?? કદાપિ નહીં. કેમ કે, અમે ડરપોક નથી.

એક ચલણ સામે બીજું ચલણ ગબડે તેના અનેક કારણો હોય છે! એનું સાચું મૂલ્યાંકન-આકલન કરવાની પહેલ કરવી પડશે. એક ડોલરના ત્યાંશી રૂપિયા થયા એટલે રૂપિયો ગબડ્યો બબડ્યો નથી. અપિતું, ડોલર રૂપિયા સામે મજબુત થયો છે!! કેટલું પોઝિટિવ વિશ્લેષણ !!! આવું વિશ્લેષણ સમજદારી વિના સંભવિત નથી કે શક્ય નથી. આપણો રૂપિયો રેસલિંગની રીગમાં બોર્નવિટા કે પ્રોટિનેકસ પહેરીને લડી રહ્યો છે. રૂપિયો પિટાતો નથી, પણ ડોલર તેને પિટે છે. આમ, કહેવાથી ફૂલણજી ડોલર ફૂલાઇ જશે અને એક દિવસ આપણો રૂપિયો એવો દાવ ખેલશે ત્યાંશી ડોલર બરાબર એક રૂપિયો થશે. ચાલો, મુંગેરીલાલ કે શેખચલ્લીની માફક ઇસ્ટમેન કલરમાં સિનેમાસ્કોપ સપના જોવા માંડો!!! હમ હોંગે કામિયાબ એક દિન. મન મેં હૈ વિશ્વાસ હમ હોંગે કામિયાબ એક દિન!!

અત્યાર સુધી ડોલર કાચબાની માફક અંગો સંકોડીને શાંતિથી બેઠો હતો. આઝાદી સમયે એક ડોલરનો વિનિમય દર એક રૂપિયો હતો. આપણે ડોલરનું ઉત્થાન કરવાની યોજના કાર્યાન્વિત કરી છે.હવે ડોલરે અજગરની માફક ફૂંફાડો માર્યો છે રૂપિયા સામે ૬૫-૬૬ સામે શેરબજારના બુલિયન જેમ હવે ઊંચકાયો છે!! હવે ૮૪ની ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યો છે. અમેરિકન ડોલર સામે રૂપિયો સાબુ, સોડા, પાવડર, પાણી વિના વગર ધોકાએ ધોબીપછાડ ધોવાયો છે. આઝાદી સમયે એક ડોલર બરાબર એક રૂપિયો હતો. આજે રૂપિયો હિન્દી ફિલ્મના વિલનના જેમ અમેરિકન ડોલર જેવા હીરોના હાથે ધોવાઈને ચોર્યાશીની સપાટીએ પહોંચી ગયો!!!

કેટલાક લોકો કાગડા જેવા હોય છે.એમને દેડકાને પરેશાન કરવામાં મજા આવે છે. પછી છોને દેડકાનો જીવ જાય.!! એક ડોલરના પંચોતેર, છોંતેર , સિતોતેર, અઠ્ઠોતેર , ઓગણ્યા એંશી, એંશી, એક્યાશી , બ્સાંશી , ત્યાશી , ચોર્યાશી રૂપિયા થયા તેમાં તેમના દિલના ધબકારા વધી ગયા. ઈસીજીમાં ઉછાળ આવ્યો. થર્મોમિટરનો પારો થર્મોમીટર તોડીને બહાર આવી જશે તેવું લાગ્યું!! એ સમયે પણ થનગનભૂષણો આપણે કરેલ નિકાસના વધુ રૂપિયા મળશે તે કેલકયુલેટરમાં ગણ્યા વિના કહેવા લાગ્યા!! આપણા એનઆરઆઇ ભારતમાં વધુ રૂપિયા મોકલાવશે એટલે ભારતની ચાંદી હી ચાંદી થઇ જશે. સબ હાલ ચંગા થઇ જશે તેવું ગાઇ વગાડીને કહે છે!! આપણે આયાત માટે વધુ રૂપિયા ચુકવવા પડશે તેવું છુપાવીને રાષ્ટ્રપ્રેમ દર્શાવી રહ્યા છે, રાષ્ટ્રની સેવા કરી રહ્યા છે!! સ્વદેશી રૂપિયો ડોલર સામે ગબડે છે, સોરી ડોલર મજબુત થાય છે તો અમારા પેટનું પાણી હલતું નથી, કેમ કે, સુલભ શૌચાલયના ઉપયોગ માટે ડોલરમાં નહીં પણ રૂપિયામાં ચુકવણી કરવાની છે.વનિતા દાતણવાળી પાસેથી ડોલર આપીને નહીં પણ રૂપિયા આપીને દાતણ ખરીદ કરવાના છે!!!

વિક્રમ વસંત ૨૦૭૯ વરસ પૂરું થઇ રહ્યું છે, ૨૦૮૦ વિક્રમ વરસ સમયના દરવાજે દસ્તક દઇ રહ્યું છે.ચારેબાજુ અમૃતકાળની ગૌરવવંતી ઉજવણી છે. મંગળ મંગળ મંગળ છે. છતાં કોચું બોલનારા વાતાવરણ બગાડે છે. લોકોને દિલ્હીના પ્રદૂષણની ચિંતા છે!પણ આવા પ્રદૂષણિયા વિદૂષકની ચિંતા નથી.આગામી વરસે ડોલર રૂપિયા સામે ૯૦ રૂપિયા થઈને મજબુત થશે તેવી આગાહી કરી રહ્યા છે!! કવિ હરિન્દ્ર દવે એક કવિતામાં કહે છે કે મારાય ડાળખીમાં પાંદડા નથી ,મને પાનખરની બીક ન બતાવો. આપણે ત્યાં મડા-મૃતદેહ પર વીજળી પડે તો મૃતદેહને તસુભાર નુકસાન થયું નથી તેમ કહેવાય છે. ભાવવધારાની એટલી વીજળી આપણા પર ત્રાટકી છે કે વીજળી પણ આપણું કશું બગાડી શકતી નથી . ડોલરને અમારી ખાનગી અને ખુલ્લી ચેલેન્જ છે કે એકવાર એક ડોલર બરાબર સો રૂપિયા થવા દે પછી અમારા ભાયડાનો જપાટો જોજે! તું એક સો એકના આંકડાને અડી શકે તો મને ફટ કહેજે!! ભરત વૈષ્ણવ




# રાજભવનમાં રંગોળીના રંગોમાં પથરાયો પ્રાકૃતિક ખેતીનો સંદેશ...

દિવાળી અને નૂતન વર્ષના તહેવારોમાં રાજભવન રંગોળી અને રોશનીથી દીપી ઉઠ્યું છે... રાજભવનની રંગોળી શોભાની સાથો સાથ સંદેશો પણ આપે છે. લોકોના સ્વાસ્થ્ય, ખેડૂતોની સમૃદ્ધિ તથા હવા-પાણી અને જમીનની જાળવણી માટે ચિંતિત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધારવા સતત પ્રયત્નશીલ છે. રાજભવનમાં વિશાળ રંગોળીના રંગોમાં ‘સ્વસ્થ ભવિષ્ય માટે પ્રાકૃતિક કૃષિ‘નો સંદેશ પથરાયો છે... રાજ્યપાલશ્રીએ નવા વર્ષમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોનો જ ઉપયોગ કરવાનો સંકલ્પ લેવા સૌને અનુરોધ કર્યો છે.દીપોત્સવની સંધ્યાએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજીએ આ રંગોળી પાસે દીવડા પ્રગટાવ્યા હતા..




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 184**
વિષય :-નવું વર્ષ - આશાનાં કિરણો
શીર્ષક :-પ્રભુની સૂચિ
પ્રકાર :- પધ - શબ્દ :-૧૦૫

લાગણી ને વિશ્વાસ સૌના ખોળામાં નાખીએ,
નવા વરસને સ્મિત સહ હસી હસીને ચાખીએ.

એકલા રહેતા સર્વ માનવોને મળવા જઈએ,
નવા વરસને સાયુજ્ય ભર્યા પાથરણે રાખીએ.

નજરે ચડે જો એકાદ જણ ઉદાસ ને નિરાશ,
ખુશી આપવા એને સઘળું નિચોવી નાખીએ.

એક વાર તો એક વાર જેણે મૂક્યો છે ભરોસો,
એની આશાભરી મીટ જોઈ એના દુઃખ વાખીએ.

વાચા હોય એ તો કહે, બોલે, જણાવે ને લખે;
અબોલ જીવસેવા પાછળ જાત ઘસી નાખીએ.

આટલું કરીએ તો પ્રભુની સૂચિમાં અવ્વલ ક્રમ,
નવા વરસે આશાનાં કિરણે ‘હર્ષ’ પારખીએ.

હસમુખ બી. પટેલ ‘હર્ષ‘-‘પરખ’

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153**
વિષયઃ× × નવું વર્ષઃઆશા નાં કિરણો× શીર્ષકઃ× નવલું નવું વર્ષ× પ્રકારઃગધ્ય. શબ્દોઃ૨૨૫

નવું વર્ષ આવે એટલે નવાં આશા નાં કિરણો લાવે.આપણે નવાં સંકલ્પો અને ધ્યેય ની સાથે નવાં વર્ષ ની શરુઆત કરીએ છે.ગયા જૂના વર્ષ માં જે સંકલ્પો અને ધ્યેય નક્કી કર્યાં‘તાં તે પાર પડ્યાં કે નહીં? ના પાર પડ્યાં તો ક્યાં આપણે ઊણાં ઉતર્યાં અને જો પાર પડ્યાં તો હવે આપણો નવો ગોલ શું છે?

બિઝનેશ કે જોબ માં કેટલું આગળ વધવું છે?અને કુટુંબ ને કેટલું ઊંચે લઈ જવું છે?

જો તમે વિધ્યાર્થી છો તો તમારે કઈ લાઈન પકડવી છે?ડોક્ટર,એન્જીનીયર,સી.એ. કે કોમ્પ્યુટર લાઈન તે તમારા મગજ માં ફિકસ્ડ હોવું જોઈએ.

તમારા પિતા જે લાઈન માં હોય તે પકડવી વધારે ઉચિત છે.જો તમે જોબ કરતા હોવ તો તમારો અલ્ટીમેટલી ગોલ ક્યાં સુધી ઉપર પહોંચવાનો છે?અને તે માટે નાં તમારાં પ્રયત્નો શું છે તે નક્કી કરવાનું છે.

નવું વર્ષ આવે તેટલે નવાં કપડાં,પોશાક આવે. નવાં પોશાક ને નવાં વર્ષ માં પહેરીએ ને જૂના પેશાક-કપડાં ગરીબો ને આપીએ.નવુ વર્ષ આવે તેટલે જિંદગી નું એક વર્ષ ઓછું થયું. કાંઈક પામવાં,બનવાં માટે એક વર્ષ ઓછું થયું.બાકી નાં વર્ષ માં આપણે ક્યાં પહોંચવું છે અને આપણાં કુટુંબ ને ક્યાં લઈ જવું છે તે નક્કી હોવું જોઈએ.એટલું યાદ રાખવું જોઈએ કે આશા અમર છે પણ નિરાશા મરેલી નથી.આશા ને અપનાવો અને નિરાશા ને દફનાવો એ જ અભ્યર્થના.

જીતેન્દ્ર શાહ×સુકાન્ત× (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- ‘નવું વર્ષ : આશાના કિરણો’
પ્રકાર :- પદ્ય (ગઝલ)
શીર્ષક :- ‘દિપકનો સંદેશ’ –(શબ્દો :- ૯૦)

સ્નેહી સ્વજન, નફરતનો વંટોળ ન લાવ તું,
અમારે ખોબો ભરી ભરી, અંધારા ઉલેચવા,

જોજે, ક્યાંક ખૂણે ખાંચારે, અંધારું છવાય નૈ,
અમે-તમે માટીથી ઘડાણાં, અંધારા ઉલેચવા.

દિપકની વાત ધ્યાને લે, સ્નેહ દિવેલ પૂરતો રે,
આપણે કાચા કોડિયા, સાથે રૈ, અંધારા ઉલેચવા.

નૂતનપ્રભા ખીલી રૈ, પૂર્વની રજ, પરમેશ્વરની,
ગળે મળીએ, ને ઘર ઘરના અંધારા ઉલેચવા.

ધરતીની માટીના માનવ, જાત-પાતની વાત ન કર,
કૃષ્ણ કુંભારે ઘડિયા, તો અંતરના અંધારા ઉલેચવા.

‘સ્વજન’, સૌ ચિદાનંદની જ્યોત, આપણે કાચા કોડિયા,
તૂટી જઈએ, ફૂટી જઈએ, તે પહેલા, અંધારા ઉલેચવા.
યોગેશભાઈ પંડ્યા ‘ સ્વજન ‘ જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:158**
વિષયઃ નવું વર્ષ આશાનાં કિરણો
શીર્ષકઃ નવલું વર્ષ
પ્રકારઃ પદ્ય શબ્દોઃ૮૮

આવ્યું નવલું વર્ષ,આવ્યું નવલું વર્ષ,દીપ લાવ્યું,
જ્યોત લાવ્યું,અંધકારને? ભગાવતું,પ્રકાશને પાથરતું,
સાથે લાવ્યું પ્રકાશ પર્વ!

હવાઈ ફૂલઝર ટેટા લાવ્યું ,મીઠાઈ મેવા લાડું લાવ્યું,સ્નેહ દીપ પ્રગટાવતું,
રંગોળી સમજાવતું,
સાથે લાવ્યું પંચ પર્વ!

શુભ? સંકલ્પના લાવ્યું,
સહિષ્ણુતાના પાઠ લાવ્યું,રાગ દ્વેષ મિટાવતું,
માનવતાની મહેંક સમું,
સાથે નવીન આશાનાં કિરણો લાવ્યું,
આજનું નવું વર્ષ!

‘પ્રેમ‘ ઉમંગને હર્ષ,નવું નવું વર્ષ આવ્યું,
નાના-મોટા સૌ વડીલોને વંદન,
સૌને નૂતન વર્ષાભિનંદન!

પાલજીભાઈ રાઠોડ ‘પ્રમ‘આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 366**
વિષયઃ ×આશાનાં કિરણો×
શીર્ષક : નવું વર્ષ આવ્યું
પ્રકાર :પદ્ય શબ્દ સંખ્યા :૧૨૪

નવું વર્ષ આવ્યું, નવું વર્ષ આવ્યું.
નવી નવી આશાઓને ખુશીઓ અપાર લાવ્યું.

મધથી મીઠાં સંબંધોને સાચવી લેજો
બોલ્યું ચાલ્યું નવ કાને ધરજો
વેરઝેર ભુલાવી ગળે મળજો
સ્નેહથી સહુંને જય શ્રી કૃષ્ણ કહેજો

નવું વર્ષ આવ્યું નવું વર્ષ આવ્યું
આંગણે આશોપાલવનાં તોરણ બાંધજો
દ્વારે કુમકુમનાં સ્વસ્તિક રચાવજો
સાત રંગો ની રંગોળી પૂરજો
આવશે સુખ સમૃદ્ધિ એને હરખેથી વધાવજો

નવું વર્ષ આવ્યું, નવું વર્ષ આવ્યું
સુકર્મોથી ભાગ્ય ચમકાવજો
વાણી વર્તનમાં નમ્રતા રાખજો
નાં દુભાય કોઈની લાગણી જરાં ધ્યાન રાખજો
બસ..પ્રેમ આપજો ને લેજો

નવું વર્ષ આવ્યું નવું વર્ષ આવ્યું
નવી આશાઓને ખુશીઓ અપાર લાવ્યું.

યોગી ઉમા ‘શબ્દ સ્યાહી‘

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :-353**
વિષયઃ- નવું વર્ષ આશાના કિરણો
શીર્ષકઃ- નુતન વર્ષ નુતન પ્રભાત
શબ્દોઃ- ૩૫૦

કેલેન્ડર ના પાનાં બદલાય એમ બાર મહિનાનો સમય ક્યારે પુરો થાય એમ ખબર નથી પડતી પાણીના રેલાની જેમ સમય વહી જાય છે. એમ દિપાવલી આવે એની સાથે ઘણું નવું પ્રભાત લાવે વિતેલા વર્ષોની યાદો ને વિતેલા સમયની ખાટી,મીઠી,કડવી વાતો એ બધું આપણને જીવનમાં કંઈક શીખવી જાય છે.

દિપાવલી એટલે વિતેલા વર્ષની છેલ્લી અમાસની રાત્રી એ પછી આવતા વર્ષેના પહેલો દિવસ એટલે નુતન વર્ષ એટલે જીવનમાં આપણે આપણી ભીતર રહેલા અજ્ઞાનના અંધકારને દુર કરી એ અનમોલ પ્રકાશથી એને ભરી દઈએ. નુતન વર્ષ નવી આશા ના કિરણોથી આપણને જીવનમાં નવા વિચારો સાથે જીવવાની હાકલ કરે છે. સમય સાથે સ્વભાવને બદલી આપણે સૌ સાથે હળીમળીને રહીએ પ્રેમ પ્યારથી રહીએ સૌના જીવનમાં નવા જ આશાના કિરણો બનીને એને સફળ બનાવીએ ભલે સૂરજ ન બની શકીએ પણ એક નાનો દિપક બની કોઈના જીવનમાં અજવાળું ફેલાવીએ.

નુતન વર્ષ આપણા ભીતરમાં પહેલા એ વિકારો ને ખોટા વિચારો ઈર્ષા,દ્વેષ, કપટ, નિંદા,અભિમાન એ કચરાને ભીતરમાં નાશ કરી પરમ ચેતન્ય ગુણોને અપનાવીએ ક્ષમા, દયા, કરુણા આત્મ વિશ્વાસ નમ્રતા, સહજતા એવા ગુણો ને વિકસાવી જીવનમાં એક નવા જ લક્ષ્ય સાથે હૈયામાં હામ અંતરમાં વિશ્ર્વાસથી ડગ ભરીએ એવો સંદેશ નવા વર્ષનો જીવનમાં સાર્થક કરીએ.

બદલાતા સમયમાં માનવી પાસે બધું જ છે. પણ માનવતા નથી રહી એવો આવકાર નથી લક્ષ્મી પુજન કરીએ પણ દેશમાં રહેલી એ લક્ષ્મી સ્વરૂપ નારી દિકરીઓને આપણે હવસની આગમાં હોમી દઈએ એ નારી નું રક્ષણ કરીએ ને દેશમાં એ પણ સન્માનને મુક્ત રીતે જીવી શકે એવા વિચારથી શરુઆત કરીએ તો પછી રોજ ધનતેરસની સાચી પુજા થઈ કહેવાય.

ભાગદોડ ભરી જીંદગીમાં હવે તહેવારો પહેલા જેવા નથી રહ્યા. માનવી પૈસાની દોડમાં સાચી ખુશી ભુલી ગયો. ભલે નવુ વર્ષ આશાની કિરણો લઈને આપણા જીવનમાં નવો પ્રકાશ પાથરે છે. પણ આપણે બસ જીવનને પૈસાથી મુલવી દીધું એટલે હવે પરિવાર સાથે તહેવાર નથી માણી શકતા.

સમય સાથે ભલે બધું બદલાય વર્ષ બદલાય પણ એની સાથે વિચારો બદલો પણ પરિવાર સાથે જીવનને જીવવાની આશા સાથે નવા વર્ષને આવકારો આપણા ભીતરમાં રહેલા સાચા જ્ઞાનના પ્રકાશને સાચી સમજણના પ્રકાશને ઉજાગર કરી જીવનને નવા જ સફર સાથે લક્ષ્ય સાથે જીવો.

દિપાવલી નુતન વર્ષ સૌને શુભેચ્છાઓ સાથે જીવનમાં તને,મને ,ધને સુખીઆ થાવો ને જીવનમાં સદા નવા લક્ષ્ય સાથે સફળતા પામો જીવનને નવા રંગો થી ભરી જીવો એજ શુભેચ્છાઓ.

લિ.. સોલંકી
આભાર - નિહારીકા રવિયા પ્રકાશકુમાર.એમ.×એકાંત×

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOC SS No. 375**
નામઃ જાગૃતિ દોશી
વિષયઃ આશાનું કિરણ
કવિતાઃ આશાનું એક કિરણ
પદ્ય , ૧૪૪ શબ્દો

આશાનું એક કિરણ !

આશાનું એક કિરણ જ કાફી છે અંધકારને ,
નહિતર શાને ચાલે શ્વાસો હતાશા સ્વીકારીને ,
રાતભર જાગી કળી માળખામાં ઠુઠવાઈને ,
ખીલી ઉઠી ઉમળકે જોતાં પરોઢે વિવાંશને ,
બીજને થાવું ‘ તુ વૃક્ષ માટીમાં પણ દટાઈને ,
એની આશા વધાવી ધરતીએ હૈયે ચાંપીને ,
ઝાઝું કાંઈ નહીં તો જો પારકી આશા બનીને ,
તારા મનોરથ પછી તો ફળશે સામે ચાલીને .

આશાનું એક કિરણ પપ.




# ઋગ્વેદ અનુસાર ખેતરમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ ?

ભારત દેશમાં પશુ, પક્ષી, પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ્મી માટે ઘુવડ, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ઘુમાવતી માટે કાગડો અને બહુચરા માતા માટે મગર છે. રામ ભગવાન પણ પશુ-પક્ષીઓને ખુબ આદર આપતા હતા.ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જ પશુ, પક્ષીઓને અનેરું સ્થાન આપવામાં આવ્યું છે. ભારતનાં પ્રાચીન વેદ ઋગ્વેદમાં જમીનમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ છે તે દર્શાવ્યું છે. ઋગ્વેદમાં કહેવાયું છે કે તૈયાર અનાજ નીચેનો ભાગ ભૂમિ માટે, અનાજ લણ્યા પછીનો ભાગ પશુ માટે, તૈયાર અનાજની પહેલી ઢુંડી અગ્નિ માટે, પહેલી એક મુઠ્ઠી પંખીઓ માટે, અનાજ દળાવ્યા પછીનો એક મુઠ્ઠી લોટ કીડીઓ માટે, પહેલી રોટલી ગાય માટે, પહેલી થાળી વડીલો માટે, પછીની થાળી પોતાના માટે અને છેલ્લી રોટલી કુતરા માટે રાખવી જોઈએ.

મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે દીપોત્સવ પર્વ દિવાળીની વિશેષ ઉજવણી ગાંધીનગરમાં પ્રધાન મંત્રી આવાસ યોજનાના લાભાર્થી પરિવારો સાથે લાભાર્થીઓ ની પોતીકી વસાહત નમો નારાયણ રેસીડેન્સી માં સૌ સાથે મળીને કરી હતી.મુખ્યમંત્રીશ્રીએ આ ઉમંગ ઉજવણીમાં સૌ વસાહતીઓને પ્રેરણા આપતા કહ્યું કે તમારા પોતીકા આવાસની આ વસાહતમાં સૌ સાથે મળીને જેમ દિપાવલી ઉજવેછે તેમ સમગ્ર વસાહતની સ્વચ્છતા સફાઈ પણ સૌ કાળજી લઈને રાખે.તેમણે સૌ વસાહતીઓને દિપાવલી અને નૂતન વર્ષ ની શુભેચ્છાઓ પાઠવતા વસાહત ને સ્વચ્છતા સફાઈ માં અન્ય માટે ઉદાહરણ રૂપ બનાવવા પણ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આવાસ યોજનાના લાભાર્થી પરિવારો સાથે દિવાળી શુભ કામના આદાન પ્રદાન કર્યું હતું અને આતશ બાજી નિહાળી હતી.આ અવસરે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાં બહેન પટેલ, ધારાસભ્ય શ્રીમતી રીટા બહેન પટેલ, મહાનગર પાલિકા ના અને શહેર સંગઠનના પદાધિકારીઓ, હાઉસિંગ સચિવ શ્રી ગોહિલ તેમજ અધિકારીઓ અને વસાહતી પરિવારો પણ ઉપસ્થિત રહ્યા હતાં









